# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૬.

**વિશ્વનાથસિંહ હરિસિંહ વાઘેલા**
**પ્રદેશ પ્રમુખ**

# પ્રેસનોટ

તા. ૧૧-૦૨-૨૦૨૨

## સરકારની અણઆવડતને કારણે થતો વિધાર્થીઓ સાથેનો અન્યાય સાંખી નહી લેવાય.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૩ જાન્યુઆરીએ યોજાનાર બિન સચિવાલય કારકૂન અને સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટની ભરતી માટેની પરીક્ષા એકાએક જ રદ થતા સરકારની અણઆવડતથી જે વારંવાર યુવાનોના ભવિષ્ય સાથે ચેડા કરવામા આવે છે તેના વિરોધમા ગુજરાત યુવક કોંગ્રેસ દ્વારા અમદાવાદ કલેકટર ઓફીસે વિરોધ પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ. આ કાર્યક્રમોમાં યુવક કોગ્રેસના તમામ હોદ્દેદાર, કાર્યકરો, જાગૃત યુવાનો, તેમજ ભરતી પરીક્ષાના ભોગ બનેલ વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા અને પોતાની વેદના ઠાલવી. જેમા યુવક કોગ્રેસના પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલા એ સરકાર ને દોષીત ઠેરવી આજના વિધાર્થીઓ પોતાની જાતને સરકારથી છતરાયેલા મહેસુસ કરી રહ્યા હોવાનો દાવો વ્યકત કર્યો.

અને સાથોસાથ બિનસચિવાલયની પરીક્ષા રદ થવા બાબતે એકાએક અસિત વોરાનુ રાજીનામુ અને તત્કાલીન પરીક્ષા રદ કરવી અને હયાત ચેરમેન પદ ખાલી હોવાનુ કારણ આપવુ એ એક મોટુ કૌભાંડ હોવાની આશંકા જતાવે છે. અને ગુજરાત યુવક કોગ્રેસ અને જે વિધાર્થીઓ પરીક્ષા આપનાર હતા એ લોકો પણ અસિત વોરાનુ રાજીનામુ અને પરીક્ષા રદ થવી આ ઘટનાને લઈ આ વખતે પણ પેપર ફુટયુ હોવાની આશંકા કરે છે. જેના કારણે જ સરકારે તત્કાલ ગેરવ્યાજબી કારણ ઉભુ કરી પરીક્ષા રદ કરી દસ લાખ જેટલા વિધાર્થીઓના ભવિષ્ય સાથે ફરી એકવાર ચેડા કર્યા છે.

જેથી આજરોજ કલેકટરને મધ્યસ્થી રાખી પરીક્ષાર્થી વિધાર્થીઓના ન્યાય માટે તત્કાલીન પરીક્ષાની જાહેરાત કરી પારદર્શક આયોજન કરવા માટેની માંગ કરી.

જેમા ગુજરાત યુવક કોગ્રેસ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલા,વિશાલ ગુર્જર જયમન શર્મા, આસિફ પવાર સહિતના યુવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા.

આવનારા દિવસોમા વિધાર્થીઓ અને યુવાનોના અધિકારના અવાજને મજબુત બનાવા તમામ યુવાનોને અગ્રેસર રહેવા આહ્વાન કરવામા આવ્યુ.

વિશ્વનાથસિંહ વાઘેલા
ફોન : 9558823423